# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

સંદર્ભ : ૧) સામાન્ય વહીવટ વિભાગના પરીપત્ર ક્રમાંકઃપરચ/૧૦૨૦૨૦–૫૦૧– ટ તા.૨૧/૦૩/૨૦૨૦
૨) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ પરચ/૧૧૨૦૨૦–૧૫૧(૨)–વ.૨ તા.૨૧/૦૩/૨૦૨૦

પરિપત્ર :–

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ,પી.જી.સેન્ટરના વડાશ્રીઓ, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને તથા યુનિવર્સિટીના તમામ વિભાગના વિભાગીય અધિકારીઓને જણાવવામાં આવે છે કે તાજેતરમાં ફેલાયેલ નોવેલ કોરોના વાઈરસ COVID-19 અનુસંધાનમાં રાજય સરકાર નોવેલ કોરોના વાઈરસ COVID-19 ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી જાહેર હિતમાં સદર્ભ પત્ર ૧ અને ૨ અનુસાર તમામ સરકારી કચેરીઓમાં તા.૨૩/૦૩/૨૦૨૦ થી તા.૨૯/૦૩/૨૦૨૦ સુધી વર્ગ–૨ થી વર્ગ–૪ના અધિકારી/કર્મચારીઓ પૈકી ૫૦% કર્મચારીઓ Rotational Basis પ્રમાણે ફરજ ઉપર ઉપસ્થિત રહે તે સંબંધિત કચેરીના વડાઓને સુનિશ્ચિત કરી સત્વરે કાર્યવાહી હાથ ધરવાનું જણાવેલ છે. જે અનુસંધાને ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના અનુસ્નાતકના ભવનોના અધ્યક્ષશ્રીઓ દ્વારા તેમના અનુસ્નાતક ભવનો ખાતે ૫૦% શૈક્ષણિક કર્મચારીઓ Rotational Basis પ્રમાણે ફરજ ઉપર ઉપસ્થિત રહે તે અંગેની કાર્યવાહી તેમની કક્ષાએથી કરવા જણાવવામાં આવે છે, તેમજ ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના તમામ વિભાગના વિભાગીય અધિકારીઓએ સબંધિત વિભાગ ખાતે આવશ્યકતા મુજબ ૫૦% કર્મચારીઓ Rotational Basis પ્રમાણે ફરજ ઉપર ઉપસ્થિત રહે તે અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

વધુમાં સંદર્ભ ૨થી ગુજરાત રાજયની સરકારી, ખાનગી, અનુદાનીત સહિત તમામ કોલેજો તથા શૈક્ષણિક સંસ્થા ખાતે શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક તમામ વર્ગ–૨ થી વર્ગ–૪ના અધિકારી/કર્મચારીઓ પૈકી ૫૦% કર્મચારીઓ Rotational Basis પ્રમાણે તા.૨૩/૦૩/૨૦૨૦ થી તા.૨૯/૦૩/૨૦૨૦ સુધી ફરજ ઉપર ઉપસ્થિત રહે તે અંગેની કાર્યવાહી સબંધિત કોલેજોના આચાર્યશ્રીઓએ તેમની કક્ષાએથી કરવા જણાવવામાં આવે છે.ઉપરાંત યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી,અનુદાનીત સંસ્થાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓએ ફરજ પરનું મુખ્ય મથક છોડવાનું રહેશે નહી અને સરકારશ્રીને કર્મચારીની આવશ્યકતા પડે અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જે ફરજ સોપવામાં આવે તે ફરજ ફરજીયાત બજાવવાની રહેશે. રાજય સરકારશ્રી તરફથી જે સૂચનાઓ મળે તેની ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે. નોવેલ કોરોના વાઈરસ COVID-19 ના સંક્રમણને નિયંત્રણમાં રાખવા રાજય સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવતી માર્ગદર્શીકા મુજબની અમલવારી કરવા અનુરોધ કરવામાં આવે છે.

- **યોગ્ય સમયે માહિતી મળતી રહે તે માટે સમયાંતરે ઈમેઈલ,વ્હોટસ એપ તથા યુનિવર્સિટીની ઓફીસીયલ વેબસાઈટ ચેક કરતા રહેવું.**

**કા. કુલસચિવ**

નં. : બીકેએનએમયુ/રજી./ ૧૮૧ /૨૦૨૦
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ.
તા. ૨૨/૦૩/૨૦૨૦

**પ્રતિ,**
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ/પી.જી.સેન્ટરના વડાશ્રીઓ, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા યુનિવર્સિટીના તમામ વિભાગના વિભાગીય અધ્યક્ષશ્રીઓ તરફ…

**નકલ સાદર રવાના :–**
૧.માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ…

**નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાંઓ બાબત.**

**સરકારી કર્મચારી – અધિકારીઓની કચેરીમાં હાજરી બાબત.**

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક: પરચ–૧૦૨૦૨૦–૫૦૧–ટ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૧/૦૩/૨૦૨૦.

વંચાણે લીધા :(૧) ભારત સરકારના કર્મચારીગણ, લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલયની તા.૧૭/૦૩/૨૦૨૦ની કચેરી યાદી ક્રમાંક : F.NO.11013/9/2014-Estt.A.III

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૭/૦૩/૨૦૨૦નો સમાનાંકી પરિપત્ર.

(૩) ભારત સરકારના કર્મચારીગણ, લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલયની તા.૧૯/૦૩/૨૦૨૦ની કચેરી યાદી ક્રમાંક : 11013/09/2014-Estt (A-III)

**પરિપત્ર:**

તાજેતરમાં ફેલાયેલ નોવેલ કોરોના વાઈરસ (Covid-19) સંબંધમાં ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તા.૧૭/૦૩/૨૦૨૦ની કચેરી યાદીથી તમામ સરકારી કચેરી / સંકુલએ લેવાની થતી તકેદારી સંબંધમાં advisory પ્રસિદ્ધ કરવામાં આવી છે અને તેના અનુસંધાનમાં રાજ્ય સરકાર દ્વારા તા.૧૮/૦૩/૨૦૨૦ના પરિપત્રથી સૂચનાઓ પરિપત્રિત કરી છે. ભારત સરકાર કર્મચારીગણ મંત્રાલયના ઉપર વંચાણે લીધે ક્રમાંક : (૩)ની તા.૧૯/૦૩/૨૦૨૦ની કચેરી યાદીથી અગાઉની તા.૧૭/૦૩/૨૦૨૦ના કચેરી યાદીના અનુસંધાનમાં વધુ સૂચનાઓ / માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે.

રાજ્ય સરકાર નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી જાહેર હિતમાં ગુજરાત રાજ્યની તમામ સરકારી કચેરીઓમાં તા.૨૩/૦૩/૨૦૨૦ થી તા.૨૯/૦૩/૨૦૨૦ સુધી વર્ગ–૨ થી વર્ગ–૪ના અધિકારી / કર્મચારીઓ પૈકી ૫૦% કર્મચારીઓ Rotational basis પ્રમાણે ફરજ ઉપર ઉપસ્થિત રહે તે સંબંધિત કચેરીના વડાએ સુનિશ્ચિત કરી સત્વરે કાર્યવાહી હાથ ધરવી.

આ સૂચનાઓ બોર્ડ, કોર્પોરેશન અને પંચાયત કચેરીઓ સહિત તમામને લાગુ પડશે.

આ હુકમો આવશ્યક / તાત્કાલિક સેવાઓ સાથે સંકળાયેલ કર્મચારીઓ તેમજ નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના ચેપને નિયંત્રણ કરવા સાથે સીધા સંકળાયેલ કર્મચારીઓને લાગુ પડશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કમલ દયાની)
અગ્ર સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

❖ માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

(P.T.O.)

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧/૨, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગ (તેઓ હસ્તકની તાબાની કચેરીઓના ધ્યાને મુકવા સારૂ.)
- સર્વે ખાતાના વડા / કચેરીના વડા.
- માહિતી નિયામકશ્રી, માહિતી નિયામકશ્રીની કચેરી, ડૉ. જે.એમ. ભવન, ગાંધીનગર. (અખબારી યાદી પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ રવાના)
- સર્વે કલેક્ટરશ્રી.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
- સર્વે જિલ્લા પોલીસ અધીક્ષકશ્રી.
- નિવાસી નાયબ સચિવશ્રી, સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- સર્વે વિભાગના નાયબ સચિવશ્રી (મહેકમ), સચિવાલય, ગાંધીનગર.
- સર્વે વિભાગના નાયબ સચિવશ્રી (સંકલન), સચિવાલય, ગાંધીનગર. (તાબાની કચેરીઓને ધ્યાને મુકવા સારુ)
- નાયબ પોલીસ અધીક્ષકશ્રી (સલામતી શાખા), સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (બુથ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ (ટ-શાખા)
- જનરલ સિલેક્ટ ફાઈલ.

નોવેલ કોરોના વાઈરસ(Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં
<u>લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાંઓ બાબત.</u>

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાધીનગર
તા:-૨૧/03/૨૦૨૦

<u>જાહેરનામું ક્રમાંક-પરચ-૧૧૨૦૨૦-૧૫૧(૨)-વ.૨</u>

તાજેતરમાં નોવેલ કોરોના વાયરસ(COVID-19) કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. કોરોના વાયરસનો ફેલાવો શ્વાચ્છોશ્વાસ દ્વારા, ડ્રોપલેટ દ્વારા સીધા સંપર્કથી થતો હોય છે. હાલ માં વિશ્વમાં તથા દેશમાં પ્રવર્તી રહેલ કોરોના વાયરસની પરિસ્થિતિને ધ્યાને લેતાં રાજ્યમાં કોરોના વાયરસનો ફેલાવો ન થાય તે માટે ભારત સરકાર તરફથી પરિપત્ર મારફતે સમયાંતરે મળેલ સૂચનાઓને ધ્યાને લઈ તકેદારીના પગલાં રૂપે તાત્કાલિક અસરથી રાજ્યની તમામ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ તથા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ તેમજ ગુજરાત રાજ્યમાં કાર્યરત કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર તથા સ્વાયતસંસ્થાઓ હસ્તકની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં તા.૧૬-03-૨૦૨૦ થી ૨૯-03-૨૦૨૦ સુધી શૈક્ષણિક કાર્ય બંધ રાખવાની સૂચના બહાર પાડવામાં આવેલ છે. સામાન્ય વહિવટ વિભાગના તા.૨૧/03/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક:પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટથી આપેલ સૂચના ધ્યાને લઈ નીચે મુજબ પુન: વધારાની સુચનાઓ બહાર પાડવામાં આવે છે.

(૧) ગુજરાત રાજ્યની સરકારી, ખાનગી, અનુદાનિત સહિત તમામ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ તથા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ તેમજ ગુજરાત રાજ્યમાં કાર્યરત કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર તથા સ્વાયતસંસ્થાઓ હસ્તકની તમામ શૈક્ષણિક સંસ્થાઓ તથા ટ્યુશન ક્લાસિસ વગેરેમાં શૈક્ષણિક કાર્ય સંપૂર્ણ પણે બંધ છે. રાજ્ય સરકારના નોવેલ કોરોના વાઈરસ(Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકે તે હેતુથી સરકારરી અનુદાનિત અને ખાનગી આ તમામ સંસ્થાઓના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક તમામ કર્મચારીઓ તા.૨૩/03/૨૦૨૦ થી તા.૨૯/03/૨૦૨૦ સુધી વર્ગ-૨ થી વર્ગ-૪ના અધિકારી/ કર્મચારીઓ પૈકી ૫૦% કર્મચારીઓ Rotational basis પ્રમાણે ફરજ ઉપર ઉપસ્થિત રહે તે સંબંધિત કચેરીના વડાએ સુનિશ્ચિત કરી સત્વરે કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૨) તમામ યુનિવર્સિટીઓતથા માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આયોજીત સેન્ટ્રલ એસેસમેન્ટની કામગીરી તા.૨૯/03/૨૦૨૦ સુધી સ્થગિત રહેશે.

(3) તમામ શાળાઓ/ કોલેજો/યુનિવર્સિટીઓ,શૈક્ષણિક સંસ્થાઓમાં સ્વચ્છતાની કામગીરી ચાલુ રાખવાની રહેશે. આ કામગીરી નિરીક્ષણ માટે વારાફરથી નિમણૂંક આપી કામગીરી સોપવાની રહેશે.

...૨...

(૪) જે શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓમાં હોસ્ટેલ /ગેસ્ટહાઉસ આવેલ હોય તો તેને સેનીટાઈઝ કરવાનું રહેશે. તથા સાફ સફાઈ કરી ચોખ્ખુ/સ્વચ્છ રાખવાનું રહેશે. અને દૈનિક સફાઈ કરવાની રહેશે જેથી તેનો તુરત ઉપયોગ થઈ શકે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હોસ્ટેલ કે ગેસ્ટ હાઉસની માંગણી કરવામાં આવે ત્યારે વિના વિલંબે સુપ્રત કરવાનું રહેશે.

(૫) તમામ સરકારી કે અનુદાનિત સંસ્થાના શૈક્ષણિક કે બિન શૈક્ષણિક કર્મચારીઓએ ફરજ પરનું મુખ્ય મથક છોડવાનું રહેશે નહી અને આવશ્યક ફરજ માટે સ્ટેન્ડબાય રહેવાનું રહેશે. જ્યારે પણ સરકારશ્રીને સ્ટાફની આવશ્યકતા પડે અને જિલ્લા વહિવટી તંત્ર દ્વારા જે ફરજ સોપવામાં આવે તે ફરજ બિનચુક બજાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.વી.રાઠવા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં ૯,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૨) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૩) નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી,બ્લોક નં ૨, કર્મયોગી ભવન, ગાંધીનગર
(૪) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી,સર્વ શિક્ષા અભિયાન,સેક્ટર નં ૧૭, ગાંધીનગર
(૫) સચિવશ્રી,ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ સેક્ટર નં ૧૦બી ગાંધીનગર
(૬) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
(૭) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સેક્ટર નં ૧૨ ગાંધીનગર
(૮) સચિવશ્રી,ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, સેકટર-૨૧,ગાંધીનગર

નકલ સવિનય રવાના:

(૧) માન.મુખ્યસચિવશ્રીના નાયબ સચિવશ્રી,માન.મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય,સચિવાલય,ગાંધીનગર
(૨) અધિક મુખ્યસચિવશ્રીના અંગત સચિવશ્રી,મહેસૂલ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
(૩) અગ્ર સચિવશ્રી અંગત સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
(૪) અગ્ર સચિવશ્રી, અંગત સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
(૫) અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી,શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
(૬) સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી,શિક્ષણ વિભાગ,સચિવાલય.,ગાંધીનગર
(૭) સર્વે સંયુકત સચિવશ્રી/નાયબ સચિવશ્રી,શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
(૮) સર્વે શાખાઓ, શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
(૯) માહિતી કમિશનરશ્રીની કચેરી,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

નકલ સવિનય રવાના જાણ સારૂ.

માન.મુખ્યમંત્રીશ્રીના ઉપ સચિવશ્રી,માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર

માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી,માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર

માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર